ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે મનપાનું ડ્રાફટ બજેટ

## કરમાળખાનું રિસ્ટ્રકચરીંગ થવાના સંકેતો : સેવાઓના સઘનીકરણ સાથે મહેકમ ખર્ચમાં વધારે ફાળવણી થશે : મ્યુનિ. કમિશ્નર તરીકે બીજુ ડ્રાફટ બજેટ રજુ કરશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી (ચારણ) આજે તેમનુ બીજુ ડ્રાફટ બજેટ સ્થાયી સમિતિ સમક્ષ બપોરે બાર વાગે રજુ કરશે.

મ્યુનિ. કમિશ્નર ૧૯-૨૦નું સુધારેલુ બજેટ તેમજ ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષનું અંદાજપત્ર (ડ્રાફટ) રજુ કરશે. સ્થાયી સમિતિ સમક્ષ બજેટ રજુ કર્યા બાદ તેઓ પત્રકારોને તેની વિગતો આપશે.

મનપાના બજેટમાં આ વખતે પ્રસ્તાવિત બજેટમાં પુરાંત વધુ ચાલુ વર્ષની હોવાથી તેઓ કરમાળખામાં રિષ્ટ્રકચરીંગ કરશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત મનપાની સેવાઓના સઘનીકરણને લઈ તેઓ વધુ નવી ભરતી સાથે મહેકમ ખર્ચમાં પણ સારા એવા નાણાંની ફાળવણી કરશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરની હદ વધારાની દરખાસ્તને જો સરકાર તરફથી બહાલી મળી જાય તો નવી વોર્ડ કચેરીઓ પણ શરૂ કરવાની દરખાસ્ત આ બજેટમાં સમાવશે એટલુ જ નહિ ફાયર બ્રિગેડની જગ્યામાં નવી કચેરી જે બની રહી છે તેમાં નવિન ફર્નિચર સહિતની સુવિધાઓ ઉભી કરવા માટે નાણાંની જંગી ફાળવણી કરશે તેમ જાણવા મળેલ છે.

મનપાના નવા બજેટમાં તેઓ આવકના નવા સાધનો કયા ઉભા કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. પ્રોફેશનલ ટેક્ષની આવક વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે નવા કરદાતાઓ શોધવામાં તંત્ર હજુ પણ ઉદાસીન વલણ દાખવી રહ્યુ છે.

શહેરમાં સર્વિસ સેક્ટર જે રીતે વિકસ્યુ છે તેને ધ્યાને રાખી કરમાળખામાં તેઓ કયા નવા કર લઈ આવે છે તેના પર સૌનુ ધ્યાન કેન્દ્રીત થયુ છે. આ ઉપરાંત મનપા દ્વારા આ વર્ષે કાઉન્સીલરોને વિસ્તાર વિકાસ માટે ફાળવવામાં આવતી રકમમાં પણ વૃદ્ધિ કરશે તેમ મનાઈ રહ્યુ છે.

શહેરમાં નવી મિલ્કતો વધી છે એટલે આવક વધશે અને બજેટનું કદ ૩૦૦ કરોડને પાર કરી જશે તેમ મનાઈ રહ્યુ છે.

# રાજ્ય સરકારની નાણાંકીય સ્થિતિ તંગ બની

## ટૂંકા ગાળાના પગલાંઓ તાત્કાલિક અમલી બનાવાયા : આઈ.એફ.એમ.એસ. સિસ્ટમ પણ બે મહિનાથી ધીમી ગતિએ ચાલે છે : આવકનું પ્રમાણ લક્ષ્યાંક મુજબ ન થતાં પરિસ્થિતિ તંગ બની

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકારની નાણાંકીય સ્થિતિ તંગ બની છે. સરકાર દ્વારા નાણાંકીય સ્થિતિને સંભાળવા માટે કેટલાક મહત્વના પગલાંઓ પણ અમલી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત કરકસરની નીતિનો અસરકારકતાથી અમલ કરવાની સૂચના અપાઈ છે.

રાજ્ય સરકારના ચૂકવણાની કામગીરી આઈ.એફ.એમ.એસ. સિસ્ટમથી થાય છે તેનુ સર્વર ધીમુ ચાલી રહ્યુ છે અથવા તો એક પાનુ ખુલે પછી આગળની વિગતો ખુલવામાં વિલંબ થાય છે. આ ઉપરાંત ચુકવણાઓની કામગીરી પણ ધીમીગતિએ ચાલી રહી છે.

રાજ્યમાં કમોસમી વરસાદ પછી જાહેર કરેલ કૃષિ સહાય પેકેજમાં હજુ ચુકવણીની પ્રક્રિયા ચાલે છે અને તે પણ ધીમી ગતિએ ચાલી રહી છે.

આ ઉપરાંત ઘણી બધી બાબતોના અમલીકરણમાં પણ બહુ ઉતાવળ નહિ કરવાની વિભાગોને સૂચના આપવામાં આવી હોવાની વાતો બહાર આવવા પામી છે. ડી.એ.ના હપ્તાની ચુકવણી પણ જે એરિયર્સ સાથે કરવાની હતી તે અંગેના હુકમો પણ હાલ સ્થગિત કરાયાની વાતો કર્મચારી આલમમાં થઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે પણ સુજલામ સુફલામ-૩નું આયોજન કરવા માટેની સૂચનાઓ અપાઈ છે પણ તેની ચોક્કસ તારીખો જાહેર કરવામાં આવી નથી.

ઘણા બધા વિભાગોને પણ કરકસરના અમલ માટે સૂચનાઓ આપવામાં આવી હોવાની વાતો સચિવાલયના વર્તુળોમાં ચાલી રહી છે.

કેટલાક મહાનગરોને પણ બજેટના ખર્ચને બદલે સ્માર્ટસીટીના પ્રોજેક્ટોના અમલ પર ભાર મુકવા માટેની ખાનગી સૂચનાઓ આપવામાં આવી છે. વિભાગોને પણ નવી બાબતો શક્ય હોય ત્યાં ઓછી સૂચવવા જણાવવામાં આવ્યુ છે.

જી.એસ.ટી.ની આવક ઘટવા સાથે રાજ્યના કરની આવક પણ ઘટવા પામી છે અને તેથી સરકાર બજેટનું કદ બહુ વધારવાના મૂડમાં નથી. બિન કરપાત્ર આવકોમાં પણ સરકારને આવક તેના લક્ષ્યાંક કરતાં ઓછી પ્રાપ્ત થઈ હોવાનું જાણવા મળેલ છે.

### બજેટને લઈ મુખ્યમંત્રી વિભાગોના પાવર પોઈંટ પ્રેઝન્ટેશન નિહાળી આખરી ઓપ આપી રહ્યા છે

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દિલ્હીથી પરત આવ્યા બાદ વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટને આખરી ઓપ આપવામાં લાગી ગયા છે.

તેમણે છેલ્લા બે દિવસથી આ સંદર્ભે દરેક વિભાગોને પાવર પોઈંટ પ્રેઝન્ટેશન સાથે બેઠકોનો સિલસિલો શરૂ કર્યો છે. તેઓ આ બેઠકોમાં અધિકારીઓ સાથે કેટલીક ગંભીર ચર્ચા કરી અને વિગતોની વિસ્તૃત પૃચ્છા પણ કરી રહ્યા છે.

૨૪મીએ રાજ્યના નાણાંમંત્રી નીતિનભાઈ પટેલ વિધાનસભા ગૃહમાં રાજ્યનું નવુ બજેટ રજુ કરવાના છે. તેમજ ૨૪ થી ૨૭ દરમ્યાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ગુજરાત આવી રહ્યા હોવાથી બજેટ પર તેમણે હાલ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને આ પછી તેઓ ટ્રમ્પના આગમનને લઈ ચાલતી તૈયારીઓનું સઘન મોનીટરીંગ કરશે તેમ સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.

### જી.એસ.એફ.એસ.માં રોકેલા નાણાં અંગે ૧૧મીએ મુખ્ય સચિવ સમીક્ષા કરશે

રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમ ૧૧મીએ જી.એસ.એફ.એસ.માં સરકારના જાહેર સાહસો અને અન્ય કચેરીઓ દ્વારા પાર્ક કરવામાં આવેલ નાણાંને લઈ ખાસ સમીક્ષા કરવાના છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્ય સચિવશ્રીએ આ અંગેની વિસ્તૃત વિગતો પણ માંગી છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં જે નાણાં આ સરકારી કંપનીમાં જમા કરાવ્યા છે તે ક્યારે ક્યારે જમા કરાવ્યા ? આ નાણાં બચત હતી કે કેમ ? આ નાણાં સરકારની બંધ થયેલી યોજનાના હતા કે કેમ ? જેવા પ્રશ્નો સાથે વિગતો દરેક વિભાગ તેમજ તેમના હસ્તકના જાહેર સાહસો અને ક્ષેત્રીય કચેરીઓ પાસેથી માંગવામાં આવી છે. રાજ્યના મુખ્ય સચિવ તરીકે નિયુક્ત થયા બાદ અનિલ મુકીમ પહેલીવાર નાણાંકીય બાબતોને લઈ સમીક્ષા કરવાના હોઈ સચિવાલયમાં પણ ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

# રાજ્યમાં ચીનમાંથી પરત ફરેલા યાત્રી નિરીક્ષણ હેઠળ

## અમદાવાદ સિવિલમાં કોરોના વાયરસના ટેસ્ટ શરૂ ચીનથી પરત ફરેલા ૧૦૪૪ યાત્રીની ઓળખ થઇ

અમદાવાદ, તા. ૯

ચીનમાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે ગુજરાતમાં પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ચીનમાંથી પરત ફરેલા લોકોને બાજનજર હેઠળ રાખવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસથીગ્રસ્ત ચીનથી પરત ફરેલા લોકો પૈકી ૬૩૩ લોકો હજુ પણ બાજનજર હેઠળ છે. આરોગ્ય વિભાગના કહેવા મુજબ હજુ સુધી ગુજરાતમાં ચીનથી પરત ફરેલા ૧૦૪૪ યાત્રીઓની ઓળખ કરવામાં આવી ચુકી છે. તેમને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા હતા. આમાથી ૪૧૧ યાત્રીઓએ ૧૪ દિવસની નિરીક્ષણની અવધિ પૂર્ણ કરી લીધી છે. આ લોકોમાં કોરોના વાયરસના કોઈપણ લક્ષણ દેખાયા નથી. આરોગ્ય વિભાગના કહેવા મુજબ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ ત્રણ દર્દી, જીએમઈઆરએસ-હિંમતનગર તેમજ સુરતના સ્મીમેર હોસ્પિટલમાં દાખલ એક-એક શંકાસ્પદ દર્દીના રિપોર્ટ નેગેટિવ રહ્યા છે. હજુ સુધી ૧૬ નમૂના પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજીમાં મોકલવામાં આવ્યા છે જે પૈકી નવ નમૂનાના રિપોર્ટ નેગેટિવ જાહેર થયા છે જ્યારે સાત સેમ્પલોના રિપોર્ટ હજુ સુધી આવ્યા નથી. આ ૧૬ નમૂનામાં પાંચ અમદાવાદ શહેર, ત્રણ સુરત, બે જામનગર, એક વડોદરા શહેરની સાથે સાથે સાબરકાંઠા જિલ્લાના બે, મહેસાણા, રાજકોટ અને નવસારીના એક-એક નમૂના સામેલ છે. દરમિયાન કોરોના વાયરસથી ઈન્ફેકશન ગ્રસ્ત નમૂનાની ચકાસણી માટે અમદાવાદ બીજે મેડિકલ કોલેજમાં તપાસની શરૂઆત કરવામાં આવી છે.


પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ઈન્દીરા આર. શાહ

સ્વર્ગવાસ તા. ૧૦/૨/૨૦૧૫

તમારા મિલનસાર સ્વભાવ તથા હસતા ચહેરાને લીધે, જીવન છોડી ગયા છતાં જીવતા હોવાનો ભાસ છે. જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભૂલાય નહીં. અમારા જીવનમાં જે સુંદર છે તે બધુ તમારા પ્રતાપે છે.

પરમાત્મા આપના આત્માને સદાય શાંતિ આપે એ જ પ્રાર્થના...

રમણભાઈ એચ. શાહ પરિવાર

૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર


# જિલ્લામાં નવા બટાકાનું બજારમાં આગમન થયું



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં શાકભાજીનો રાજા ગણાતા બટાટાના નવા પાકની આવક શરૂ થવા પામી છે. આ સાથે જ જુના બટાકાના ભાવો અને નવા બટાકાના ભાવમાં પણ તફાવત જોવા મળી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે હાલ ખેડૂતો દ્વારા બજારમાં કચિયારૂ બટાકા મુકવામાં આવ્યા છે જે સંગ્રહ થઈ શકતા નથી. આ બટાટા શાકભાજીમાં વધારે વપરાય છે અને હાલ બજારમાં બટાકાના ભાવ સારા હોવાથી આ પાકની આવક શરૂ થઈ ગઈ છે. જો કે નેવુ દિવસે પાકતા બટાકા હજુ એકાદ સપ્તાહ પછી બજારમાં આવશે. આ બટાટા એ વેફર અને અન્ય ઉપયોગમાં લેવાય છે. બટાકાની પાંચેય જાતોનું વાવેતર જિલ્લામાં થયુ છે. મળતી વિગતો પ્રમાણે બટાટાનું આ વખતે રવિ સીઝનમાં વિક્રમી વાવેતર થયા પછી વિક્રમી ઉત્પાદનની આશા ખેડૂતોને છે. જિલ્લામાં બટાટાની ખેતીમાં કોન્ટ્રેક્ટ ફાર્મિંગ વધારે નોંધાયુ છે. જિલ્લામાં નવ હજાર હેક્ટરથી પણ વધારે વિસ્તારમાં આ સીઝનમાં વાવેતર નોંધાયુ છે જે નોંધનીય છે. એક વાત એવી પણ ચર્ચાઈ રહી છે કે પાછોતરો વરસાદ સારો થયા પછી ખેડૂતો હવે બટાટા ખેતરમાંથી લીધા બાદ જુવાર ઘાસચારાનું વાવેતર કરવાના મૂડમાં વધુ છે જેથી ચોમાસાની સિઝન દરમ્યાન લીલા ઘાસચારાની જંગી પશુધન માટે થાય નહિ અને સમયસર ઘાસ ઉપલબ્ધ બની શકે.

# સે-૩ સીમાં રીંગ રોડને અડીને જ બે ઠેકાણે ભયજનક ગાબડા

## અકસ્માતનો ખતરો : ગટર લાઇનની ચેમ્બર તુટેલી હોવાથી જોખમી સ્થિતિ : સિનિયર સિટીઝન્સ પણ અનેકવાર આ સ્થિતિ વચ્ચે અકસ્માતનો ભોગ બને છે

ગાંધીનગર તા ૯

શહેરના સે-૩ સી માં ગ માર્ગથી સે-૩ ને જોડતા એપ્રોચ રસ્તા આગળ વિવિધ બે ઠેકાણે ભયજનક ગાબડા જોવા મળી રહ્યા છે.



ગટર લાઈનની ચેમ્બર તુટેલી હાલતમાં હોવાથી રહેણાંક વિસ્તાર અને રીંગ રોડને અડીને આ ભયજનક સ્થિતિ ઉભી થતા ગમે ત્યારે જાનલેવા અકસ્માત થાય તેવી દહેશત પ્રબળ બની છે. આ જોખમી સ્થિતિને નિવારવા માટે સ્થાનિક રહીશોએ પણ માંગણી કરી છે.

શહેરમાં પાણી ગટર લાઈનમાં અનેકવાર ભંગાણ થાય છે. જયારે એકબાજુ સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના અંતે પણ ઠેર ઠેર માટી પોલાણ થવાના લીધે ભુવાઓ અસ્તિત્વમાં આવતા ભયજક સ્થિતિનુ નિર્માણ થાય છે. આવા સંજોગોમાં વાહનચાલકો તેમજ અન્ય રાહદારીઓ ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારના ઉબડ ખાબડ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા રજુઆત

## લાંબા સમયથી માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવતા માર્ગ સલામતી જોખમાઇ છે

ગાંધીનગર તા ૯

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. પાટનગર હોવાના નાતે શહેરના માર્ગો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ શહેરને અડીને ઉભેલા શહેરી વિસ્તારના ગામોમાં રસ્તાઓ ભુંસાઈ ગયા છે. અલબત્ત ઉબડ ખાબડ અને બિસ્માર માર્ગો અકસ્માતનુ કારણ બની રહ્યા છે. આવા સંજોગોમાં આ ગામોમાં માર્ગ સુધારણાની કામગીરી ત્વરિત હાથ ધરવા માટે પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ શહેરની સાથે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં માર્ગ સુધારણાની કામગીરી વિસરાઈ ગઈ છે. શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓના નામે મીંડુ ચિતરાયેલુ છે. જેના લીધે પાણી ગટર અને સ્ટ્રીટ લાઈટની સમસ્યા હજુ પણ યથાવત છે. જયારે રસ્તાઓની હાલત પણ ઉબડ ખાબડ છે. જેના લીધે સ્થાનિકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. શહેરી વિસ્તારના ગામોમાં માર્ગની દશા બેઠી છે. જયારે ઉબડ ખાબડ અને બિસ્માર માર્ગો પરગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. શહેરી વિસ્તારના ગામોના પ્રશ્નોના નિરાકરણ અર્થે અનેકવાર જાગૃત ગ્રામજનો દ્વારા પણ તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવે છે. જેમાં પાણી અને ગટર લાઈનનો પ્રશ્ન

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૩ ગુરુકુલ વિદ્યાલયના ક્રિએટીવ કાર્નિવલમાં

# કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના પ્રોજેકટ આકર્ષણનું કેન્દ્ર

## કાર્નિવલમાં ૨૦ હજાર વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી : આર્ટ એન્ડ ક્રાફટના કલાત્મક નમુનાઓનુ પણ નિદર્શન કરાયુ : મેડિકલ કેમ્પનો પણ વિદ્યાર્થીઓ અને વાલીઓએ લાભ લીધો



ગાંધીનગર તા ૯

સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે ક્રિએટીવ કાર્નિવલનુ આયોજન કરવામાં આવ્યુ હતુ સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય, શિશુ વિદ્યાલય, સ્વામિનારાયણ અને હરિ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ તેમજ યોગાનંદ વિદ્યાલય હાઈસ્કુલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્નિવલની ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ મુલાકાત લીધી હતી. આ કાર્નિવલમાં વિદ્યાર્થીઓ દ્વારા કલાઈમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ જેવા વૈશ્વિક બાબતો અંગેના પ્રોજેકટ આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. સે-૨૩ ગુરુકુલ શાળા ખાતે

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com